# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date :22-05-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## રેલવે મથક ઉદ્ઘઘાટન-PM:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ પુનર્વિકસિત કરાયેલા રાજ્યના 18 રેલવે મથકોનું આજે વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરશે. આ યોજના હેઠળ 13.45 કરોડના ખર્ચે કચ્છના પ્રવેશદ્વાર સમાન સામખિયાળી રેલ્વે સ્ટેશનનું પણ વર્ચ્યુઅલી ઉદઘાટન કરાશે. સામખિયાળી રેલવે સ્ટેશન પર દરરોજ 700 જેટલા મુસાફરોની અવર જવર રહે છે. આ સ્ટેશનમાં નવીનીકરણના ભાગરૂપે વિશાળ પાર્કિંગ સુવિધા, આકર્ષક પ્રવેશદ્વાર, આધુનિક શૌચાલય, દિવ્યાંગજનો માટે વિશેષ સુવિધા, ફૂડ પ્લાઝા અને સ્ટેશન પર કચ્છી મડવર્કથી સુશોભન તથા કચ્છના વિવિધ પ્રવાસન સ્થળોની ઝાંખી સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------------------------

## રાજ્ય વિકાસકામો-ઈ-લોકાર્પણ-PM:

ભુજ ખાતે આગામી તા.૨૬મી મેના ભુજ-મિરઝાપર રોડ પર યોજાનારા કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૫૨ હજાર ૯૫૩ કરોડ રૂપિયાના કુલ ૩૧ વિકાસકામોની ગુજરાતને ભેટ આપશે. કચ્છ, મોરબી, જામનગર, અમરેલી, જુનાગઢ, ગીર-સોમનાથ, અમદાવાદ, તાપી તથા મહીસાગર જિલ્લાને સમાવતા વિકાસકામોનું પ્રધાનમંત્રીના હસ્તે ઇ-લોકાર્પણ તથા ઇ-ખાતમૂહુર્ત કરાશે. જેમાં ૨ હજાર ૨૯૨ કરોડ રૂપિયાના ૧૭ કામોનું લોકાર્પણ તથા રૂ. ૫૦ હજાર ૬૬૧ કરોડ રૂપિયાના ૧૪ કામોનું ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે.

કચ્છ જિલ્લામાં રૂ.૫૮ કરોડના ખર્ચે મંજલ પાસે બનેલ ૧૦ મેગાવોટનો તેમજ લાકડીયા પાસે બનેલા રૂ.૨૦૯ કરોડના ૩૫ મેગાવોટનો ગર્વમેન્ટ વેસ્ટ લેન્ડ સોલાર પીવી પ્રોજેકટનું લોકાર્પણ કરાશે. જ્યારે માર્ગ-મકાન વિભાગના કચ્છના રૂ.૫૫ કરોડના ખર્ચે બનેલા લાયજા-મોટા થી કોઠારા વાયા લઠેડી તથા રૂ.૫૦ કરોડના ખર્ચ બનેલા હોડકો-ધોરડો ટેન્ટ સીટી રોડનું લોકાર્પણ કરાશે. ઉપરાંત દિનદયાળ પોર્ટ ઓથોરીટી(કંડલા)ના ૭ કામોનું લોકાર્પણ કરવામાં આવશે.

---

## ભુજ- PM-રોડ શો-સભા બેઠક:

ભુજ ખાતે આગામી તા. ૨૬ મે, ૨૦૨૫ના રોજ યોજાનાર પ્રધાનમંત્રીના કાર્યક્રમની તૈયારીઓને અંતિમ ઓપ આપવા ગઈકાલે કલેક્ટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને કચ્છના વિવિધ સમાજો, સામાજિક, ધાર્મિક તથા વ્યવસાયિક સંસ્થાઓના આગેવાનોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રધાનમંત્રીના રોડ-શો અને કાર્યક્રમને ઐતિહાસિક બનાવવા કચ્છના નાગરિકોને રચનાત્મક અને ગુણાત્મક સહયોગ આપવા વહીવટીતંત્ર દ્વારા અપીલ કરવામાં આવી હતી.

બેઠકમાં સાંસદ વિનોદ  ચાવડાએ જણાવ્યું કે, “ઓપરેશન સિંદૂર”ની સફળતા બાદ સરહદી જિલ્લા કચ્છમાં પ્રધાનમંત્રીનું આગમન એક ગૌરવની ક્ષણ છે. ત્યારે આ કાર્યક્રમ દેશભક્તિનો સંદેશ આપવા સાથે કચ્છની સાંસ્કૃતિક વૈવિધ્યતાને વિશ્વ સમક્ષ રજૂ કરશે.રોડ-શોમાં એક કિલોમીટર લાંબો ત્રિરંગો લહેરાશે, અને વિવિધ સમાજો પોતાના પરંપરાગત પોશાકમાં દેશપ્રેમની ઝાંખી સાથે સાંસ્કૃતિક ઝલક પ્રદર્શિત કરશે. કચ્છ આ કાર્યક્રમ દ્વારા એકતાનો સંદેશ વિશ્વભરમાં પહોંચાડશે.

આ બેઠકમાં ભુજના ધારાસભ્યશ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું કે હાલ વહીવટીતંત્ર દ્વારા કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી છે. આગેવાનોએ જ્યાં જરૂરી હોય ત્યાં સ્વયંભૂ જોડાવવા અપીલ કરી હતી.

કલેક્ટર આનંદ પટેલે આગેવાનો સમક્ષ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી અને રોડ-શોમાં કચ્છની ભાતીગળ સંસ્કૃતિને આકર્ષણનું કેન્દ્ર બનાવવા સહયોગની અપીલ કરી હતી.

---

## હવામાન:

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સમગ્ર રાજ્યમાં વરસાદની આગાહી કરી છે. તેમજ માછીમારોને પણ ચેતવણી આપી છે. દરમિયાન આજે દક્ષિણ અને ઉત્તર ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદની સંભાવના હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું હતું.

દરમિયાન વરસાદની આગાહી વચ્ચે રાજ્યમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન કંડલા હવાઈમથક પર નોંધાયું. આ સિવાયના જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 40 ડિગ્રી અને તેનાથી ઓછું નોંધાયાના અહેવાલ છે.

---

## CM-મંત્રીમંડળ બેઠક:

ગાંધીનગરમાં ગઈકાલે મંત્રીમંડળની બેઠક યોજાઈ હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં, રાજ્ય પર સંભવિત વાવાઝોડાના જોખમ, પીવાના અને સિંચાઈના પાણીની સ્થિતિ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજ્યના પ્રવાસ, રાજ્ય સરકારના આગામી આયોજન અને નીતિગત વિષયોની સમીક્ષા કરવામાં આવી. દરમિયાન હવામાન વિભાગની આગાહીની સાથે સતર્ક રહીને તૈયારીઓ અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

---

## IPL:

ગુજરાત ટાઇટન્સ અને લખનૌ સુપર જાયન્ટની ટીમો વચ્ચે આઇ.પી.એલની મેચ આજે અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પર રમાશે. મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. ગુજરાત ટાઇટન્સ ટીમ 12 માં થી 9 મેચ જીતી 18 પોઇન્ટ સાથે પોઇન્ટ ટેબલમાં મોખરાનાં સ્થાને છે. જ્યારે લખનૌની ટીમ 12 માંથી 5 મેચ જીતી 10 પોઇન્ટ સાથેપોઇન્ટ ટેબલમાં સાતમા સ્થાને છે. દરમ્યાન મુંબઈ ઇન્ડિયન્સ ટીમે દિલ્હી કેપિટલને 59 રને હરાવી પ્લે ઓફમાં પ્રવેશ કર્યો છે. ગુજરાત બેંગલુરુ પંજાબ પછી મુંબઈની ટીમ પ્લેઓફમાં પહોંચનારી ચોથી ટીમ બની છે.

---